# ઘ-૨ થી ગ-૨ના રૂટમાં વોક-વે પર વૃક્ષોની નમી પડેલી ડાળીઓ અવરોધરૂપ

**વોક વે પર નમી પડેલા વૃક્ષોની તોતિંગ ડાળીઓના લીધે વોકીંગ કરનારાઓ પરેશાન**

ગાંધીનગર તા ૨૯

શહેરના સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ હજુ પુર્ણ થયુ નથી. અલબત્ત સેકટરોના આંતરિક વિસ્તાર સહીત ઉભાઆડા માર્ગો પર વોક વે આસપાસના વૃક્ષોની નમી પડેલી તાતિંગ ડાળીઓ વોકીંગ કરનારાઓ માટે આડશરૂપ બની રહી છે. હાલ ઘ-૨ થી ગ- ૨ વચ્ચેના રૂટમાં પણ આવી જ સ્થિતિ છે જેને અનુલક્ષીને સ્થાનિકોએ આ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે પણ રજુઆત કરી છે.



શહેરના સેકટરોમાં વૃક્ષોની નમી પડેલી ડાળીઓ આમ નાગરિકો માટે ડગલે ને પગલે અવરોધરૂપ બની રહી છે. જયારે શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગો સહીત સેકટરોના એપ્રોચ પાસે પણ નમી પડેલી વૃક્ષોની ડાળીઓના લીધે નાગરિકોએ હાલાકી વેઠવી પડે છે. બીજીતરફ વોક વે પર લટકેલી વૃક્ષોની ડાળીઓના લીધે વોકીંગ કરનારાઓને પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. શહેરના ઘ-૨ થી ગ-૨ માર્ગ વચ્ચે થોડા દિવસો અગાઉ જ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે આ દરમિયાન પણ માર્ગો આસપાસ ફુટપાથ પર વૃક્ષોની નમી પડેલી ડાળીઓનુ ટ્રીમીંગ થાય તેવી માંગ ઉઠવા પામી હતી. ઘ-૨ થી ગ-૨ વચ્ચેના માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ લાંબા સમયથી થયુ નથી જેના લીધે રોજબરોજ વોકીંગ કરનારાઓ માટે પણ વૃક્ષોની લટકતી ડાળીઓ આડશરૂપ બની છે. વનતંત્ર દ્વારા સેકટરોમાં હજુ પણ ટ્રીમીંગ કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. દિવાળી પુર્વે કેટલાક ઠેકાણે તંત્ર દ્વારા ટ્રીમીંગ કરવામાં આવ્યુ હતુ પરંતુ સેકટરોમાં બાકી રહેતા માર્ગાને પણ આવરી લેઈને ટ્રીમીંગની કામગીરી પુર્ણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# શહેર-જિલ્લામાં ૫૮ નવા કેસ

**કુડાસણમાંથી ૬ મહિનાનું શિશુ કોરોનાની ઝપટમાં : ઈસનપુર મોટા ગામેથી પાંચ કેસ સહિત તાલુકામાંથી ૧૭ કેસ : દહેગામમાંથી ૭, માણસામાંથી ૩ કેસ, કલોલમાંથી ૬ કેસ મળ્યા : શહેરમાં જીઈબીમાંથી, સે. ૨૪ અને ૭ માંથી 3-3 કેસ સહિત ૨૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૫૮ નવા કેસ મળી આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૩૩ અને શહેરના ૨૫ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૫૨ દર્દીઓ રિકવર થતાં તેમને

## ૫૨ દર્દીઓને રિક્વર થતાં ડિસ્ચાર્જ અપાયું

ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩૩ કેસમાં ૧૭ કેસ ગાંધીનગરના છે. દહેગામમાંથી ૭, માણસામાંથી ૩ અને કલોલમાંથી છ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૬ મહિલા દર્દી નોંધાયા છે. હોમ આઈસોલેશનનો વિકલ્પ ગ્રામીણ વિસ્તારમાં મોટાભાગના દર્દીઓએ પસંદ કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦ જેટલા દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગાંધીનગર તાલુકામાં સાદરામાંથી ૨, પેથાપુરમાંથી ૨, ઈસનપુર મોટા ગામેથી પાંચ કેસ મળી આવ્યા છે. કુડાસણમાંથી ૬ મહિનાના શિશુનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. પુન્દ્રાસણમાંથી પણ બે કેસ મળી આવ્યા છે.

આદરજમોટી, વાસણા હડમતિયા, દોલારાણાવાસણા, કોલવડા, સોનીપુરમાંથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામના અર્બન વિસ્તારમાંથી ૩ તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. દેવકરણના મુવાડા, માલપુરા, નાંદોલ અને વડવાસા ગામોએથી કેસો મળી આવ્યા છે.

માણસામાંથી ૧ કેસ અર્બન વિસ્તારમાંથી અને બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. તાલુકાના બિલોદરા અને મોતીપુરા વેડા ગામેથી કેસ મળી આવેલ છે.

કલોલમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. કલોલ તાલુકાના ગોલથરા, આરસોડિયા, સોજા ગામેથી કેસો મળી આવ્યા છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

જિલ્લામાં આજે વધુ ૩૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૮૫૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૨૧૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪,૯૫૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૫ કેસ નોંધાયા છે. જેમાં સે. ૩, ૨૪, ૭ અને જીઈબીમાંથી ૩-૩ કેસ નોંધાયા

● અનુસંધાન પાન-૭ પર

## રવિવારે પણ વધુ ૮ કોરોનાગ્રસ્ત મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા

ગાંધીનગર સીવીલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ પામેલ કોરોનાગ્રસ્ત ૮ દર્દીઓના મૃત્યદેહોનો અગ્નિસંસ્કાર મુક્તિધામ અને રૂદ્રભૂમિ ખાતે કરવામાં આવ્યો હતો. છેલ્લા ૧૩ દિવસથી શહેર અને જિલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓ અને એમાય ખાસ કરીને વડીલ દર્દીઓનો મૃત્યુઆંક ચિંતાજનક સ્થિતિએ પહોંચી રહ્યો છે. જો કે સત્તાવાર યાદીમાં મૃત્યુના આંકડા દર્શાવાતા નથી. પરંતુ શબવાહિની અને મક્તિધામ અને રૂદ્રભૂમિ સ્મશાનધામમાંથી મળતી માહિતી મુજબ ૧૩ દિવસમાં ૧૨૪થી વધારે મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા હોવાનું જાણવા મળ્યું છે.

## આજે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે બે ફલાયઓવરનું ઈ-લોકાર્પણ

**સિંધુ ભવન ચાર રસ્તા ફ્લાય ઓવર રૂ. ૩૫ કરોડ – સાણંદ જંકસન ફ્લાય ઓવર રૂ. ૩૬ કરોડનું ઇ-લોકાર્પણ થશે**

ગાંધીનગર, તા.૨૯

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સહયોગથી અમદાવાદમાં નિર્માણ પામેલા રૂ. ૭૧ કરોડના બે ફલાય ઓવરનું ૩૦મી નવેમ્બર સોમવારે સવારે ૧૦-૩૦ કલાકે ઈ-લોકાર્પણ કરશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલ આ અવસરે ઉપસ્થિત રહેશે.

નેશનલ હાઈવે ૧૪૭ પર સરખેજ – ગાંધીનગર – ચિલોડા ના કુલ ૪૪ કિ.મી.ના માર્ગને ૪ લેન માંથી ૬ લેનમા રૂપાંતરિત કરવાના તથા આ માર્ગ પર આવતા ચાર રસ્તાઓ પર અગિયાર જેટલા ફલાય ઓવર બનાવવાની કામગીરી કેન્દ્ર અને રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

તદનુસાર ૨૪૫ મીટરની કુલ લંબાઈ નો સિંધુભવન ચાર રસ્તા ફલાય ઓવર રૂ. ૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામ્યો છે તેમજ સાણંદ જંકસન ફલાય ઓવર બ્રિજ પણ ૨૪૦ મીટરની કુલ લંબાઈ સાથે રૂ. ૩૬ કરોડના ખર્ચે પૂર્ણ થયો છે.

આ બંને ફલાય ઓવરના લોકાર્પણ આવતી કાલે સોમવારે સવારે ૧૦-૩૦ કલાકે સિંધુભવન ચાર રસ્તા પાસે યોજાશે.

# સિમ્પ્ટોમેટિક દર્દીઓના RTPCR ટેસ્ટ ફરજિયાત

**રેપિડ ટેસ્ટ નેગેટિવ આવે તો પણ ટેસ્ટ ફરજિયાત**
**રેપિડ, RTPCR નેગેટિવ આવે તો સ્વાઈન ફ્લૂનો ટેસ્ટ**

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણના પગલે કેન્દ્રની ટીમે કરેલા સૂચનો મુજબ રાજ્યના આરોગ્ય વિભાગના દ્વારા નવી ગાઈડલાઈન જારી કરવામાં આવી છે. જે પ્રમાણે હવે રેપિડ એન્ટિજન ટેસ્ટ (RAT) નેગેટવિ હશે તેવો સિમ્પ્ટોમેટિક દર્દીઓનો ઈંઝઈનો ટેસ્ટ ફરજિયાત કરાવાનો રહેશે. જણાવી દઈએ કે, ગુજરાત હાઈકોર્ટે રેપિડ એન્ટિજન ટેસ્ટ દ્વારા કોરોના વાયરસ માટે નકારાત્મક પરીક્ષણ કરનારા સિમ્પ્ટોમેટિક દર્દીઓ માટે RTPCR પરીક્ષણોની ફરજિયાત અરજીને ફગાવી દીધી હતી. ત્યારથી રાજ્ય સરકારે તેને પોલિસી તરીકે સ્વીકાર્યું હતું અને સંક્રમણને કાબૂમાં લેવા માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના સૂચનને પાલન કરવાનો નિર્ણય કર્યો હતો.

શુક્રવારે, હાઈકોર્ટે એડવોકેટ કે.આર.કોષ્ઠી દ્વારા દાખલ કરેલી પીઆઈએલને નકારી કાઢી હતી, જેમણે ICMRની માર્ગદર્શિકા લાગુ કરવાની માંગ કરી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે, રેપિડ ટેસ્ટ માટે નકારાત્મક પરીક્ષણ કરનારા કોવિડ -૧૯ શંકાસ્પદ દર્દીઓએ RTPCR ટેસ્ટ કરાવવો જ જોઈએ, અરજદાર-એડવોકેટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પરીક્ષણ માટે ગોઠવાયેલા કિઓસ્કમાં આરટીપીઆર પરીક્ષણો માટે કોઈ વિકલ્પ નથી, એડવોકેટ જનરલે આ વાતનો ઈનકાર કર્યો હતો અને રજૂઆત કરી હતી કે પરીક્ષણ સંબંધિત રાજ્ય દ્વારા આઈસીએમઆર માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે. જે દર્દી સિમ્પ્ટોમેટિક હોય અને તેનો રેપિડ અને RTPCR બંને ટેસ્ટ નેગેટિવ હોય તો તેને સીઝનલ ફ્લૂ (સ્વાઈન ફ્લૂ)નો ટેસ્ટ કરાવાનો રહેશે. આરોગ્ય વિભાગના અધિક નિયામકે તમામ આરોગ્ય અધિકારીઓ માટે જારી કરેલી સૂચના મુજબ પોઝિટિવ દર્દીના હાઈરિસ્ક કોન્ટેક્ટમાં હોય તેવા વ્યક્તિઓના પાંચથી સાત દિવસે રેપિડ એન્ટિજન ટેસ્ટ ફરજિયાત કરવાના રહેશે. તે પૈકી સિમ્પ્ટોમેટિક હોય તેવા દર્દીઓને તાત્કાલિક ટેસ્ટ કરવાના રહેશે. પોઝિટિવ દર્દીઓના હાઈરિસ્ક કોન્ટેક્ટને ક્વોરેન્ટાઈનમાં રાખીને ગાઈડલાઈન મુજબ મોનિટરિંગ કરવાનું રહેશે.

# શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને રંગરોગાન કરવાનુ શરૂ

**સે-૧૬ માં સ્ટ્રીટ લાઇટના થાંભલાનુ કલરકામ હાથ ધરાયુ**

ગાંધીનગર તા ૨૯

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા છેલ્લા ઘણાં વર્ષોથી કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. સેકટરોની શેરીઓમાં થાંભલા બંધ હોવાની અનેક ફરિયાદોના અંતે કંગાળ પોલ્સને કલરકામ કરવા પણ લાંબા સમયથી માંગ ઉઠવા પામી હતી હાલ સેકટરોમાં તબક્કાવાર લાઈટીંગ પોલ્સને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. હાલ સે-૧૬ માં થાંભલાઓને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે તબક્કાવાર અન્ય સેકટરોમાં પણ આ કામગીરી હાથ ધરાશે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલો કલરકામ કરવાનુ શરૂ કરી દેવાયુ છે. સેકટરોમાં અંદાજિત ૧૮ હજારથી વધુ સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. જયારે આ દાયકાઓના અંતે મોટાભાગના થાંભલા કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઈટના પોલ્સને કલરકામ પણ લાંબા સમયથી કરવામાં ન આવતા સેકટરોમાં અત્યંત કંગાળ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરોની શેરીઓમાં અત્યાર સુધી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો પણ વધી હતી જયારે દિવાળી દરમિયાન પણ સતત આ ફરિયાદો ઉઠતી રહી હતી જો કે હાલ પણ શહેરના કેટલાક સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ બંધ રહેતા હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ત્યારે દાયકાઓના અંતે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટના થાંભલા જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. સ્ટ્રીટ લાઈટનો પોલ્સ પર પેમ્ફલેટસ સહીત અન્ય પ્રકારના બેનર્સ લગાવામાં આવી રહ્યા છે. જેના લીધે કટાયેલા થાંભલા અજવાળુ પાથરતા નથી પરંતુ કોર્મશિયલ જાહેરાત માટે ઉપયોગી બની રહ્યા છે. સામાન્ય રીતે વાઈબ્રન્ટ ટાંણે શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્ટ્રીટ લાઈટના થાંભલાને રંગોરોગના કરી અન્ય જાળવણીના કામો હાથ ધરવામાં આવે છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કંગાળ હાલતમાં જોવા મળે છે. કટાયેલા થાંભલા બદલવા તેમજ કલરકામ કરવામાં પણ વર્ષોથી કામ હાથ ધરવામાં આવતુ નથી ત્યારે તંત્ર દ્વારા સેકટરોમાં લાઈટીંગ પોલ્સને તબક્કાવાર કલર કરવા માટે આયોજન કરાયુ છે. હાલ શહેરના સે-૧૬ માં સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરવામાં આવી રહ્યો છે. જયારે આગામી દિવસોમાં તબક્કાવાર અન્ય સેકટરોમાં પણ થાંભલાને કલર કામ કરવાની કામગીરી હાથ ધરાશે.



**જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કેસો વધતા**

# પાંચ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ૫૦ પથારીની સુવિધાઓ સજ્જ કરવા સુચના

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા સતત વધી રહી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોના વિસ્તરી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે એટલુ જ નહિ ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીમાં વધારો થવા પામ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં પણ નવા-નવા ગામો અને અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૩૦૦૦ ના આંકને પાર કરી ગઈ છે. સોમી અર્બન વિલેજીસ સિવાયના ગ્રામીણ વિસ્તારોમાંથી પણ કેસો મળવાના શરૂ થયા હોવાથી તંત્રએ હવે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પર પણ એન્ટીજન ટેસ્ટની પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યની સુવિધાઓનું સઘનીકરણ પણ કરવામાં આવે તે જરૂરી છે. જો કે બિનસત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા નવ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાંથી પાંચ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ૫૦ જેટલી બેડ કોરોના માટે રિઝર્વ રાખવાની તૈયારીઓ સાથે રેડી રહેવાની ખાનગી સૂચનાઓ આપી દેવામાં આવી છે. જો કે હજુ આ બાબતે જિલ્લા કલેક્ટર કક્ષાએથી જ યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટેનો એક્શન પ્લાન પણ તંત્ર દ્વારા તૈયાર કરી દેવાયો છે અને આ માટે જરૂરી નિર્ણયો પણ જેમ જેમ સમય આવશે તેમ તેમ લેવામાં આવશે તેવુ આ સૂત્રોનું કહેવુ છે.

ગ્રામીણ વિસ્તારમાં મોટી વયના દર્દીઓ જે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે એટલે આવા દર્દીઓને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સીધી દેખરેખ તબીબી અધિકારીની રહે તે પણ જોવાની વ્યુહરચના વિચારાધીન હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે તો માટે સોશિયલ ડિસ્ટન્સીંગ તેમજ ક્વોરોન્ટાઈનની ગાઈડલાઈન અને હોમ આઈસોલેશનની ગાઈડલાઈનનું પણ સખ્તાઈથી અમલીકરણ કરવામાં આવે અને હોમ આસોલેશનમાં રહેલા દર્દીઓનું સતત મોનીટરીંગ કરવામાં આવે તેવી પણ સૂચનાઓ જિલ્લાકક્ષાએથી આપવામાં આવી છે.

દેવ દિવાળીના પવિત્ર પર્વ પર સૌ વડીલો - સ્નેહીજનો, મિત્રોને નૂતન વર્ષાભિનંદન

કાર્તિક સુદ પૂર્ણિમા તર્પણનો પણ દિવસ છે.
કોરોના કારણે અવસાન પામેલ સૌના આત્માને
પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના છે... ૐ શાંતિ



શિવશંકર દવે
અધ્યક્ષ

ડો. રશ્મિકાન્ત મહેતા
અમેરિકા
ઉપપ્રમુખ

સંજય થોરાત
મંત્રી

સ્થળ : પ્લોટ નં.૪૩૬બી-૨, સેક્ટર-૮બી, ગાંધીનગર
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬

સદવાંચન પરિવાર - ગાંધીનગર

દુ:ખદ અવસાન



મારા પુજ્ય પિતાશ્રી
શ્રી અશોકકુમાર કિશોરચંદ્ર છાયા
તા.૨૭-૧૧-૨૦ શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે.
પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા. ૩૦-૧૧-૨૦૨૦ને સોમવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન રાખેલ છે.

લિ.
ચિરાગ અશોકકુમાર છાયા (પુત્ર) ૯૬૬૨૬ ૬૬૭૭૭
અવંતિકાબેન અશોકકુમાર છાયા (પત્ની) ૯૯૦૯૪ ૪૦૪૪૪
૯૯૦૯૭ ૧૮૫૫૫

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન)
ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લક્વો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com